## ધોલેરા પંથકના ગામડાઓમાં દેશી વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ

# પીવાના પાણી માટે પ્લાસ્ટિકનાં તળાવો ગ્રામજનો માટે આશીર્વાદરૂપ બન્યાં



અમદાવાદ,શનિવાર

સુકાભઠ્ઠ ભાલ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા તો છે જ પણ ક્ષારયુક્ત અને ખારુપાણી પીવાલાયક હોતુ નથી.આ વિસ્તારોમાં વરસાદી પાણી લોકો માટે એક માત્ર સહારો અને સ્ત્રોત છે.પીવાના પાણીની પડતી મુશ્કેલીને કારણે ધોલેરા પંથકના લોકોને વરસાદી પાણીનું મહત્વ સમજાયું છે.ચોમાસાના વરસાદી પાણીનો સંગ્રહ કરી પીવાના પાણી માટે આ વિસ્તારમાં પ્લાસ્ટિકના તળાવો બન્યાં છે. આજે જયારે ઉનાળો બરાબર જામ્યો છે ત્યારે ગ્રામજનો પ્લાસ્ટિકના તળાવોમાંથી પાણી મેળવીને તરસ છીપાવી રહ્યાં છે.મહત્વની વાત એછેકે, ગ્રામજનો પણ પીવાના એક માત્ર સહારારુપ પ્લાસ્ટિકના તળાવોની જાળવણી કરે છે.

ભાલનો પ્રદેશ સુકો જ નહિ પણ સપાટ પ્રદેશ છે પરિણામે ચોમાસામાં સાબરમતી સહિત નાનીમોટી સાત નદીઓના પાણી અહીં આવે છે પણ તે વહી જાય છે.ચોમાસામાં તો આ વિસ્તારમાં બેટમાં પરિવર્તિત થઈ જાય છે.ખેતરોમાં પાણી ભરાઈ જાય છે. શિયાળા અને ઉનાળામાં પાણીની કટોકટી સર્જાય છે ત્યારે ખેત તલાવડી કરી પાણી સંગ્રહ કર્યા સિવાય કોઈ ઉપાય ન હતો. ખેત તલાવડીથી ખેડુતોએ ખેતીને નવપલ્લિત કરી દીધી પણ પીવાનો પ્રશ્ન યથાવત જ રહ્યો જેથી તળાવો બાંધવા જરુરી હતા.

પાણીની સમસ્યા દુર કરવા માટે ગ્રામજનોને સહાયરુપ થવા સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આગળ આવી. હવે મુશ્કેલી એ હતીકે, જો વરસાદી પાણીના સંગ્રહ માટે તળાવ ઉંડુ કરે તો ક્ષારની સાથે ખારાશ આવે જે પાણી પીવાલાયક હોય નહી. અને જો તળાવની ઉંડાઈ ન હોય તો સપાટ પ્રદેશ હોઈ તાપમાન વધુ રહેતું હોવાથી પાણીનું બાષ્પિભવન થઈ જાય. આ કારણોસર તળાવમાં પ્લાસ્ટિક પાથરીને ક્ષાર-ખારાસ રોકવા નવતર પ્રયાસ કરાયો. ૧૯૮૭માં દુષ્કાળની સ્થિતીમાં સૌ પ્રથમ ધોલેરા નજીકના રાજપુરમાં ગામમાં વિશ્વબેંક- રાજ્ય સરકારની જુદી જુદી યોજનાની સહાયથી રૂા.૭ લાખના ખર્ચે પ્લાસ્ટિકનુ તળાવ બનાવાયું.પ્લાસ્ટિકના તળાવ બનાવતાં નિષ્ણાતોનું માનવું છેકે,આજે આ તળાવ બનાવવું હોય તો ૨૦ લાખનો ખર્ચે થાય. બે વર્ષ પહેલાં ૭ લાખના ખર્ચે રાજપુર ગામના પ્લાસ્ટિકના તળાવનું સમારકામ કરાયું છે. ૧૨૦૦ ની વસ્તી ધરાવતાં રાજપુર ગામના લોકોએ પણ આ તળાવની સાચવણી કરી વરસાદી પાણીનો પીવાના પાણી માટે ઉપયોગ કરી રહ્યાં છે.

આ પ્લાસ્ટિકના તળાવમાં ૧૦ લાખ લિટર પાણી સમાવી શકાય તેટલી ક્ષમતા છે. રાજપુર ઉપરાંત ખુણ અને મહાદેવપુરામાં પણ લોકો પ્લાસ્ટિકના તળાવમાંથી પીવાનું પાણી મેળવે છે.શેળા અને ગોગલામાં પણ પ્લાસ્ટિકના તળાવો છે.આ તળાવોની સાચવણી માટે ગ્રામજનોએ તારનું ફેન્સિંગ પણ કર્યુ છે. જોકે, હવે તો આ વિસ્તારોમાં મહી યોજનાના પાણી પહોચતા પરિસ્થિતી સુધરી છે.

સ્વૈચ્છિક સંસ્થાઓએ આ વિસ્તારમાં પાણીની સમસ્યા ઉકેલવામાં મહત્વની ભુમિકા ભજવી છે.આજે વરસાદી પાણીનો સંગ્રહ કરી પ્લાસ્ટિકના તળાવોના માધ્યમથી ક્ષારવિનાનું પાણી મેળવી રહ્યાં છે.






(તસ્વીરઃ ગૌતમ મહેતા)





### એક સમયે આ વિસ્તારમાં પરિવારના સભ્યો દીઠ પાણી અપાતું

ભાલ પંથકમાં એક સમયે પીવાનું પાણી મેળવવા લોકોને ફાંફા મારવા પડતાં હતાં. અહીના લોકોનું કહેવું છેકે, ૨૦ વર્ષ પહેલાં તો એવી પરિસ્થિતી હતી કે, ટેન્કરથી પીવાનું પાણી અપાતું. એટલું જ નહિ પણ પરિવારના સભ્યો આધારિત પાણી આપવામાં આવતું હતું.

### પ્લાસ્ટિકના તળાવો કેવી રીતે તૈયાર થાય છે

ખેત તલાવડીની જેમ જ ખાડો ખોદી તળાવને ઢોળાવનો ઓપ અપાય છે.તળાવના તળીયામાં સ્ટીચીંગ કરેલું વિશાળ પ્લાસ્ટિક પાથરવામાં આવે છે જેથી પાણીમાં ખારાશ અને ક્ષાર ભળે નહી. પ્લાસ્ટિક પર એક ફુટ સુધી ભીની માટી પાથરવામાં આવે છે. વરસાદી પાણીના વહેણને સીધો જ તળાવમાં જાય તેવી વ્યવસ્થા કરાય છે જેથી ચોમાસામાં તળાવ છલોછલ ભરાઈ જાય છે.તળાવના વચ્ચોવચ અથવા તો એક ખુણે કુવો તૈયાર કરાય જેમાં ફિલ્ટરના માધ્યમથી તળાવનું પાણી જાય છે. આ રીતે શુધ્ધ થયેલુ પાણી પીવાલાયક બને છે.

## ક્ષારયુક્ત- ખારાપાણીના ઉકેલના ભાગરૂપે પ્લાસ્ટિકના તળાવમા વરસાદી પાણીનો સંગ્રહ : ૭ લાખના ખર્ચે બનાવાયેલા પ્લાસ્ટિકના તળાવ રાજપરના ગ્રામવાસીઓ માટે પીવાના પાણીનો સ્ત્રોત